જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૦/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૩૬/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૦૮ | ૧૧ | ૧૫૨૧૯ | ૧૬૦૩૩ | ૧૨ | ૧૬૦૪૫ |
| કુલ | | ૩૦૨૮૨ | ૧૧ | ૩૦૨૯૩ | ૩૮૯૨૮ | ૧૨ | ૩૮૯૪૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૬ | ૧,૩૮,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૮૫ | ૧૩,૮૫,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૭૮ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૯/૨૦૨૦**

**દરીયાપુરઃ** ભરતભાઇ ઘનશ્યામભાઇ ચોઇથનાણી (રહે. ભાગ્યોદય સોસાયટી સરગમ ફ્લેટ સામે બંગલા એરીયા કુબેરનગર સરદારનગર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૨૫/૧૦/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દરિયાપુર કાલુપુર સેન્ચુરી માર્કેટની બાજુમા બોમ્બે ફાયર સેફ્ટી નામની દુકાન નંબર-૧૪ ના ઉપરના માળે લોખંડનુ પતરૂં ઉચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કાઉન્ટરમાંથી અને તીજોરીમાંથી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૦/૨૦૨૦**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રોનકભાઈ રાજેશભાઈ બારોટ (ઉ.વ.૨૬) (રહે.ત્રિમુર્તિ ફ્લેટ નિરાંત ચોકડી વસ્ત્રાલ) તા.૨૫/૧૦/૨૦૨૦ કલાક ૧૦/૩૫ વાગ્યાના સુમારે જેતલપુર નેશનલ હાઈ-વે નંબર-૮ એમ.પી.પંડ્યા સ્કુલ સામેથી સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૦૧ એચટી ૬૩૬૭ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા રોનકભાઈ બારોટને ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રોનકભાઈના પિતા રાજેશભાઈ બારોટે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.સ.ઈ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૪૧/૨૦૨૦**

**ઓઢવ**ઃ રામકેશ સ/ઓ જગતનારાયણ પાલ (ઉ.વ.૨૮) (રહે. સહજાનંદ એપાર્ટમેન્ટ સીંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે રામવિલા એપાર્ટમેન્ટ દસ્ક્રોઈ સાસરી ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૨૦ કલાક ૧૧/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી